અપીલ અરજી નં.૩૪૧ તા.૧–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫/૧૨/૧૦ની અરજીથી અનફીટ કર્મચારી નં. ૪૩૧૩ ગં. સ્વ. ભાણીબેન ભીખીબેને આપેલ કમિશ્નરશ્રીને અરજી અંગેના અનુસંધાન બાબતની માહિતીની નકલ મેળવવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા. ૧/૨/૧૧ની અપીલ અરજી નં.**SMC/FAP/** ૩૪૧/૨૦૧૦ – ૧૧.

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૫/૧૨/૧૦ ની અરજીથી અનફીટ કર્મચારી નં. ૪૩૧૩ ગં. સ્વ. ભાણીબેન ભીખીબેને આપેલ કમિશ્નરશ્રીને અરજી અંગેના અનુસંધાન બાબતની માહિતીની નકલ મેળવવા બાબતે નિયત સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલી ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧/૨/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૯ તા.૫–૨–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં તા.૩/૧૨/૧૦ ના રોજની અરજીની નકલ સાથે તે કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી બાબત અંગે છે તેની માહિતી રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૯૦૩ તા.૧૧–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની મુળ અરજી અત્રે તબદીલ થયેલ નથી તેમજ તે અરજી સેન્ટ્રલઝોન ખાતે હોવાનું જણાવેલ છે તેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૪ તા.૧૪–૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૨૧–૨–૧૧ ના રોજ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૪૭ તા.૧૭–૨–૧૧ ના રોજ અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ મળેલ છે. જયારે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૨૭ તા.૨૨–૨–૧૧ થી અપીલ અરજીમાં નિર્દિષ્ટ તા.૩–૧૨–૧૦ ના રોજ કર્મ નં.૪૩૧૩ ગં.સ્વ.ભાણીબેન ભીખીબેનની અરજી સુરત મહાનગરપાલિકાને આપ્યાના કોઈ આધાર પુરાવા નકલ સહ રજૂ કરવા પુનઃ અરજદારને પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી કર્મ નં.૪૩૧૩ ગં. સ્વ. ભાણીબેન ભીખીબેને આપેલ કમિશ્નરશ્રીને તા.૩–૧૨–૧૦ ના રોજ આપેલ અરજી અંગેના અનુસંધાન બાબતની માહિતી મેળવવા બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન મધ્યસ્થ કચેરી ખાતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. વધુમાં અરજીમાં કર્મચારીના સર્વે ડોકયુમેન્ટ પેપરો અને માહિતીની નકલો અરજદાર પાસે પુરાવા તરીકે મૌજુદ છે તેવું પણ તેમણે અરજીમાં જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પૂરક વિગતો તથા અપીલના મુદ્દા અંગે પક્ષ રજૂ કરવા તથા અરજદારને અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૨૭૯ તા.૫–૨–૧૧ થી કયા જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી છે તેવી વિગતો તા.૩–૧૨–૧૦ ની અરજીની નકલ સહ માંગવામાં આવેલ. પરંતુ તે અંગે અરજદારે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી સદર અરજી સેન્ટ્રલઝોન ખાતે હોવાનું જણાવવામાં આવેલ. ત્યાર બાદ સેન્ટ્રલઝોનને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૪ તા.૧૪–૨–૧૧ થી પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલ ઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૪૭ તા.૧૭–૨–૧૧ થી અરજદારને આપેલી માહિતીમાં તા.૩–૧૨–૧૦ ની અરજી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવુ જણાવી તા.૧–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૨૭ તા.૨૨–૨–૧૧ થી અપીલ અરજીમાં તા.૩–૧૨–૧૦ ના રોજ અનફીટ કર્મ નં.૪૩૧૩ ગં. સ્વ. ભાણીબેન ભીખીબેનની અરજી આપ્યાના કોઈ આધાર પુરાવા નકલ સહ રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે મુળ અરજીમાં કર્મચારીના સર્વે ડોકયુમેન્ટ પેપર અને માહિતીની નકલો પુરાવા તરીકે મૌજુદ હોવાનું જણાવેલ છતાં અપીલ સાથે કે અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ નથી. આમ અત્રે ઉપસ્થિત વિગતોને ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ વિગતો નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદારે અપીલ તબકકે અરજી આપ્યા અંગેના પુરાવાઓ રજૂ કરવા બે વાર જણાવેલ તેમ છતાં તેઓ તે બાબતે નિષ્ફળ રહેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાય છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તા.૩–૧૨–૧૦ થી અરજીની તારીખ સુધીના સેન્ટ્રલઝોન ખાતેના ઈન્વર્ડ રજીસ્ટરની તપાસણી કરી શકે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી પૂરી પાડી માહિતી માંગેલ બાબતની કોઈ અરજી દફતરે નહીં હોવાનું જણાવેલ હોઈ તથા અરજદાર ધ્વારા તેવી અરજી આપ્યાના આધાર રજૂ કરેલ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો સેન્ટ્રલઝોન ખાતેના તા.૩–૧૨–૧૦ થી અરજીનીતા.૧૫–૧૨–૧૦ સુધીના સમયના ઈન્વર્ડ રજીસ્ટરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે.તપાસણી અંગે અરજદારે આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમ મુજબ અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,